| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૮/૦૫/૨૦૨૩ | | |
| દાખલ તારીખ : | ૧૮/૦૫/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૦ | ૧૫ |

---

દેવભુમિ દ્વારકાના મહે.સેશન્સ જજ (શ્રી એસ.વી.વ્યાસ) સાહેબની કોર્ટમાં,
મું.ખંભાળીયા.

---

ક્રિમીનલ અપીલ નં.૨૩/૨૦૨૩
આંક :

| | |
|---|---|
| એપેલન્ટ (મુળ આરોપી) | ચાવડા આલાભાઈ રામશીભાઈ ઉ.વ.આ.૩૬, ધંધો.ખેતીકામ, ઠે.મોટા આસોટા, તા.કલ્યાણપુર, જી.દેવભુમિ દ્વારકા. |

વિરૂધ્ધ.

| ક્રમ | રીસ્પોન્ડન્ટના નામ | ઉ.વ. | રહેવાસી |
|---|---|---|---|
| ૧ | શ્રી સરકાર | –– | થ્રુ, ડી.જી.પી.શ્રી, જી.દેવભુમિ દ્વારકા, મું.ખંભાળીયા |
| ૨ | મુરલીધર એગ્રો સીડસ પ્રોપરાઈટર મેરામણભાઈ દેવાણંદભાઈ બેલા, | ૭૦ | ઠે.જોધપુર ગેઈટ, રે.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા. |

| | |
|---|---|
| એપેલન્ટ તરફે | વિ. વ.શ્રી એન.એમ.મણીયાર |
| રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે | વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજા |
| રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે | વિ.વ.શ્રી એચ.કે.બામરોટીયા |

| | |
|---|---|
| બાબત : | ખંભાળીયાના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૦૭૪/૨૦૨૧ ના કામમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં આરોપીને તા.૨૯/૦૪/૨૦૨૩ના રોજ તકસીરવાન ઠરાવી કરેલ સજા તથા દંડ તથા વળતર ચુકવવાના હુકમ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ અપીલ |

–::ઠરાવ::–

(૧) આ કામના એપેલન્ટે ખંભાળીયાના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૦૭૪/૨૦૨૧ ના કામમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા આરોપીને તા.૨૯/૦૪/૨૦૨૩ના રોજ તકસીરવાન ઠરાવી કરેલ સજા તથા દંડ તથા વળતર ચુકવવાના હુકમથી નારાજ થઈ ક્રિ.પ્રો.કોડ કલમ ૩૭૪ મુજબ અપીલ દાખલ કરેલ છે.

(૨) હવે પછી ચર્ચા કરવામાં સરળતા રહે તે માટે એપલેન્ટને મુળ આરોપી તરીકે તથા રીસ્પોન્ડન્ટ નં.૧ ને શ્રી સરકાર તથા રીસ્પોન્ડન્ટ નં.૨ ને મુળ ફરીયાદી તરીકે અને ખંભાળીયાની વિ.ચીફ જયુડી.મેજી.કોર્ટને વિ.ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામાં આવેલ છે.

(૩) હાલના એપેલન્ટ ફોજદારી કેસ નં–૧૦૭૪/૨૦૨૧ ના કામના આરોપી છે. (સરળતા ખાતર તેઓને હવે પછી "આરોપી" તરીકે સંબોધવામાં આવશે) વિદ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ખંભાળીયાએ ફોજદારી કેસ નં.૧૦૭૪/૨૦૨૧ ના કામે તા.૨૯/૦૪/૨૦૨૩ ના રોજ ચુકાદો આપતા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૩૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) દંડની સજા અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરિયાદીને વળતર તરીકે રૂા.૭,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા સાત લાખ પુરા) ચુકવી આપવાનો અને આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો ૩(ત્રણ) માસની વધુ સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ ફરમાવેલો. (સરળતા ખાતર હવે પછી આ હુકમને "તકરારી

હુકમ" તરીકે સંબોધવામાં આવશે)

(૪) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી દેવભુમિ દ્વારકા જીલ્લાના ખંભાલીયા તાલુકાના ખંભાલીયા મુકામે મુરલીધર એગ્રો સીડસના નામની જંતુનાશક દવાઓ, કીટ વિગેરે ખેતીને લગતી દવાઓ વિગેરે વહેંચવાનો ધંધો કરે છે અને આરોપી તેમની દુકાને ખેતીકામમાં ઉપયોગ આવતી દવાઓ જંતુનાશક કીટ વિગેરે ખરીદી કરવા અવાર નવાર આવતા હોવાથી ઓળખે છે. આરોપીએ તેઓ ફરીયાદીની પેઢીમાં જમા ઉધાર ખાતું રખાવેલ છે અને દવાઓ, બીયારણ વિગેરેની ખરીદી કરી બીલની રકમ બાકી રાખેલ છે અને તેનો હીસાબ તેઓએ તેમના હીસાબી ચોપડામાં રાખેલ અને તેઓના હીસાબી ચોપડા મુજબ બાકી રહેતી રકમ અંગે આરોપી પાસે માંગણી કરતા આરોપીએ તેઓની દુકાને તા.૧૭/૦૩/૨૦૨૧ ના રોજ આવી ધી કોમર્શીયલ કો.ઓપરેટીવ બેંક ખંભાલીયા શાખાનો પોતાના ખાતાનો ચેક નં.૧૭૪૩૫૫ નો રૂા.૭,૦૦,૦૦૦/- પુરાનો તા.૧૭/૦૩/૨૦૨૧ નો આપેલ અને ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપેલ કે, "ચેક બેંકમાં નાખશે એટલે લેણી રકમ તેઓને મળી જશે" અને તેવા ખાતરી ભરોસા તળે ફરીયાદીએ ચેક સ્વીકારેલ. સદર ચેક ફરીયાદીએ મુદત હરોળમાં યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, ખંભાલીયા શાખામાં તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ તેમના ખાતામાં જમા કરાવેલ જે તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ "PAYMENT STOPPED BY DRAWER" ના શેરા સાથે કલીયરન્સ વગર ફરીયાદીને પરત ફરેલ અને આરોપીએ તેઓને આપેલ ચેકની રકમ મળેલ નથી. આરોપીએ ફરીયાદીને આપેલ સાત લાખના ચેકની રકમ ફરીયાદીને મળેલ ન હોય અને ચેક તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ રીર્ટન થયેલ હોય, જેથી ફરીયાદીએ તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ રજીસ્ટર

એડી.થી આરોપીને તેમના કાયમી સરનામા પર નોટીસ મોકલાવેલ, જે તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ આરોપીને નોટીસ મળી ગયેલ છે તેમ છતાં નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે ફરીયાદીની કાયદેસરની નીકળતી લેણી રકમ ચુકવેલ નથી, જેથી આરોપી સામે નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ ગુન્હો કરેલ હોય ફરીયાદીએ હાલની ફરીયાદ લાવી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ (સરળતા ખાતર"એકટ ૧૮૮૧") મુજબની ફરીયાદ તા.૨૬/૦૪/૨૦૨૧ ના રોજ વિદ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાળીયાની કોર્ટમાં દાખલ કરેલ, જે ફોજદારી કેસ નં.૧૦૭૪/૨૦૨૧ થી નોધાયેલ. ત્યારબાદ આરોપી હાજર થતાં આરોપી વિરૂધ્ધ આંક–૦૭ થી આરોપીનું નિવેદન નોધવામાં આવેલુ. આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ ફરીયાદપક્ષના પુરાવા માટે નિર્ધારીત કરવામાં આવેલ.

(૫) આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

–:<u>મૌખિક પુરાવો</u>:–

| અ.નં. | સાહેદનું નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મેરામણભાઈ દેવાણંદભાઈ બેલાની જુબાની | ૦૫ |

–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં.૧૭૪૩૫૫ નો અસલ, | ૧૧ |
| ૨ | ચેક પરત ફર્યાનો રીર્ટન મેમો અસલ, | ૧૨ |
| ૩ | આરોપીને મોકલેલ નોટીસની ઓફીસ કોપી, | ૧૩ |
| ૪ | આરોપીને રજી.એડી.થી નોટીસ મોકલ્યાની એકનોલોજમેન્ટ અસલ, | ૧૪ |
| ૫ | આરોપીને રજી. એડી. કર્યાની સફેદ પાવતી, | ૧૫ |

| | | |
|---|---|---|
| ૬ | આરોપીને રજી.એડી.થી નોટીસ મળી ગયેલ તે અંગે ટ્રેક કન્સાઈન્મેન્ટ રીપોર્ટ, | ૧૬ |
| ૭ | ફરીયાદી, મુરલીધર એગ્રો સીડસના નામે વ્યવસાય કરતા હોય તેના લાયસન્સ નં.૩૪૫૮ ની એટેસ્ટેડ કોપી, (ટેન્ટેટીવ આંક) | ૩૬ |
| ૮ | ફરીયાદી, મુરલીધર એગ્રો સીડસના નામે વ્યવસાય કરતા હોય તેના રીન્યુ કરાવેલ લાયસન્સ નં.૩૪૫૮ ની એટેસ્ટેડ કોપી, (ટેન્ટેટીવ આંક) | ૩૭ |
| ૯ | ફરીયાદીના ચોપડામાં આરોપીના ખાતાનો જમા ઉધારના વ્યવહારનો ઉતારો અસલ,(ટેન્ટેટીવ આંક) | ૩૮ |

(૬) આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ, તે મતલબની આંક–૪૦ થી પુરાવો બંધ કર્યાની પુરસીસ રજુ કરેલ છે.

(૭) ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવા બાદ વિદ્વાન ટ્રાયલ મેજી.શ્રીએ આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન નોંધવામાં માટે કામ રાખવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમની રુબરુમાં અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરી, વધુમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કારીયતમાં જવાબો આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, ફરીયાદી જંતુનાશક કીટનાશક દવાનો વેપાર ધંધો કરતા નથી તેમજ તહોમતદારે ફરીયાદી પાસેથી કોઈ જ જંતુનાશક/કીટનાશક દવાઓ તેમજ બીયારણ ખરીદ કરેલ નથી તેમજ ફરીયાદી સાથે કોઈ ધંધાકીય સંબંધ રાખેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તહોમતદારે ફરીયાદીને આપેલ જ નથી તેમજ તહોમતદારને નોટીસ બજેલ નથી તેમજ ફરીયાદીએ જી.એસ.ટી. વાળા બીલ રજુ કરેલ નથી, હાથેથી લખેલ ખાતાવહી રજુ કરેલ નથી તેમજ કલમ ૬૫(બી) મુજબનું સર્ટી. રજુ નથી તેમજ ફરીયાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ સાબીત કરવા જોઈએ, જે સાબીત

કરવામાં નિષ્ફળ નિવડેલ હોય અને ફરીયાદીની ફરીયાદ શંકાવાળી હોય, આવી ફરીયાદીની ફરીયાદ રદ્દ કરી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. તેઓને બચાવપક્ષના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

(૮) વિદ્વાન ટ્રાયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફરીયાદપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એચ.કે. બામરોટીયાની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે વિદ્વાન વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેમજ આરોપી તરફે આંક–૪૧ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લઈ તેમજ ફરીયાદી તેમજ આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓ વંચાણે લઈ પુરાવાનુ મુલ્યાંકન કરી, પેરા–૩ માં વર્ણવ્યા મુજબની સજાનો હુકમ ફરમાવેલો.

(૯) આ કામે એપેલન્ટના વિદ્વાન વકીલશ્રી એન.એમ.મણીયાર તરફે આંક–૧૦ થી રજુ કરેલ લેખિત દલીલ વંચાણે લીધી તેમજ રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલત તથા અન્ય વડી અદાલતોના ચુકાદાઓ વંચાણે લીધા. એપેલન્ટના વિદ્વાન વકીલશ્રીની દલીલ અપીલ મેમો તથા લેખિત દલીલમાં જણાવ્યા મુજબની છે. વધુમાં તેઓએ આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે તે હુકમ કાયદા વિરુઘ્ધ અને રેકર્ડ ઉપરના પુરાવા ઘ્યાને લીધા વગર કરેલ હોય હાલની અપીલ મંજુર રાખી આરોપીને છોડી મુકવા અને નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ કરવા રજુઆત કરેલ છે.

(૯.૧) આ કામે એપેલન્ટ તરફે નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| 1 | Anvar P.V. Vs. P.K.Basheer<br>2014(0) AIJEL-SC 55727 |
| 2 | Prabhudas Mohanlal Bhimani Vs. Infinitive Pharmaceutical Industries<br>2008 (0) GLHEL-HC 232195 |

3 Ramilaben Jashubhai Patel Vs. Rasiklal Chunilal Kothari

2014 (0) GLHEL-HC 232344

4 Kapadvanj Peoples Co-Operative Bank Ltd. Vs. Jayantibhai Talasaji Marwadi And Anr.

2013 (1) DCR 270 (Guj.H.C.), Criminal Apeal No.2344 of 2009

5 Kalim M. Khan Vs. State of Maharashtra And Anr.

2009 (1) DCR 78 (Criminal Rev.Appln No.656/2007

6 Veena Rani Chhabra Vs, Manju Rohida

2009 (2) DCR 302 (Cri.M.C. No. 933/2005)

7 M/s. Jaimin Jewelery Exports Pvt.Ltd. & Anr. Vs. The State of Maharashtra

2017 (1) DCR 625, (Criminal Rev.Appln No.432/2015)

8 Mahendra Gulabchand Kochar Vs. Sakharam Ramdas Patil

LAWS (BOM) 2009 3 43

9 Gokulam Chit And Finance Company Vs. Guridas

LAWS (KER) 2011 1 281

10 R.B. Ramakrishnan Vs. A.Meena

LAWS (MAD) 2011 2 743

11 Sukhdata Chits Pvt.Ltd. Vs. Rajender Prasad Gupta

LAWS (DLh) 2012 1 321 (Cri.M.C. No.3089/2011)

12 H.R.Moodalappa Vs. C.A. Chowrappa

LAWS (KAR) 2011 3 54 (Cri.A. No.1415/2004 (SJ) (A)

13 Zenna Sorabji and Others. Vs. Mirabelle Hotel Co. (Pvt) Ltd.

AIR 1981 Bombay 446

14 Rameshkumar Vitthalbhai Patel Vs. State of Gujarat

2022 (0) AIJ-GJ 244156(Cri.Appeal No. 1356/2014)

15 Rajendra Kumar @ Rajesh Kumar Balkishan

Agrawal, 2011 (2) DCR 150 (Appeal No.1353/2010)

16 Patel Amrutbhai Narayandas Vs. State of Gujarat
2012 (2) DCR 74 (Cri.Appeal No. 249/2005)

17 S.P. Saklani Vs. Ravinder Singh Thakur
2014 (1) DCR 615 (Criminal Revision no.63/2006)

18 M.D. Thomas Vs. P.S. Jaleel And Anr.
2009 (2) DCR 519 (Cri.No.711/2009)

19 Amit Kumar Jaiprakash singh Vs. Mahesh Mahadev Dabholkar And Ors.
2009 (2) DCR 268 (Cri.Appeal No. 3833/2007)

20 Jayshreeben Jitendrabhai Modi Vs. Paresh Vasantlal Modi
2012 (2) DCR 31 (Cri.Appeal No. 1317/2009)

21 S. Murugan Vs. M.K. Karunagaran (SC)
Criminal Appeal No...... of 2023 (Arising out of SLP (Crl. 7618/2023)

22 Notification of Reserve Bank of India, 25/07/2011

(૯.૨) રીસ્પોન્ડન્ટ નં.૧ શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી બી.એસ. જાડેજાની રજુઆત છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે રેકર્ડ ઉપર ફરીયાદપક્ષે રજુ કરેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના કાયદાના અનુમાનની વિચારણા કરી તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાઓ ધ્યાનમાં લઈ આરોપીને તકસીરવાન ઠરાવતો જે હુકમ કરેલ છે તે કાયદા મુજબનો, યોગ્ય અને ન્યાયી હોય તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરેલ હોય, હાલની અપીલ ચાલવા પાત્ર ન હોય, તે રદ્દ કરવી જોઈએ અને નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખવો જોઈએ.

(૯.૩) રીસ્પોન્ડન્ટ નં.૨ મુળફરીયાદી તરફે વિ. વ. શ્રીએ દલીલ કરેલ છે કે,

નામદાર ટ્રાયલ કોર્ટે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને કાયદાકીય અનુમાનો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે આ જોગવાઈ હેઠળ આપેલ ચુકાદાઓની વિચારણા કરી તકરારી હુકમ કાયદા મુજબ કરેલ છે, હાલના આરોપી સામે ફરીયાદીએ ફોજદારી ફરીયાદ કરેલ છે, જો ફરીયાદીએ દિવાની રાહે લેણું વસુલ કરવા દાવો કરેલ હોય તો માલસામાન વેચાણના બીલો રજુ કરવાની આવશ્યકતા રહે છે, હાલના કિસ્સામાં કલમ–૧૩૮ ની જોગવાઈ જોતા ફરીયાદીએ કાયદેસરના લેણા પેટે આરોપીએ ચેક આપેલ છે તે હકીકત સાબીત કરવાની રહે છે, હાલના કિસ્સામાં ફરીયાદવાળો ચેક સમયમર્યાદામાં બેંકમાં રજુ થયેલ છે, સ્ટોપ પેમેન્ટના શેરા સાથે પરત આવેલ છે, કાયદા મુજબ સમયમર્યાદામાં નોટીસ આપેલ છે અને ત્યારબાદ સમયમર્યાદામાં ફરીયાદ દાખલ કરેલ છે. આમ ફરીયાદી આ હકીકતો સાબીત કરી શકતા હોય ત્યારે કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબના કાયદાના અનુમાનો નામદાર અદાલતે કરવાના રહે છે, ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી છે તે બાબતે ઈન્કાર કરવામાં આવેલ નથી, ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે તે હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ નથી, ફરીયાદવાળો ચેક ફરીયાદીના કબજામાં કઈ રીતે આવેલ છે તે અંગે કોઈ સંતોષકારક ખુલાસો ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે કરેલ નથી, જયારે ફરીયાદીના કેસને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે, આરોપીને ચેક પરત ફર્યા બાદ કાયદા મુજબ નોટીસ આપવામાં આવેલ છે તેનો પ્રત્યુતર આપવામાં આવેલ નથી, ફરીયાદીની જુબાનીમાં થયેલ ઉલટતપાસ જોતા ફરીયાદવાળા ચેક પરત્વે તેઓની જવાબદારી નથી તેવી કોઈ હકીકત સાબીત કરી શકેલ નથી, આરોપીને કાયદા મુજબ નોટીસ ન મળેલ હોય તેવો બચાવ હોય તો પણ નામદાર સર્વોચ્ચ અદાલતે સી.સી.અલ્વી હાજીના કેસમાં આપેલ ચુકાદો જોતા તે બચાવ

આરોપીને મળી શકે તેમ નથી, આરોપીએ સમન્સ બજયા બાદ નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થઈ ચેકની રકમ નામદાર અદાલતમાં ડીપોઝીટ કરવી જોઈએ અથવા ફરીયાદીને આપવી જોઈએ, આરોપી તેમ કરવામાં નિષ્ફળ ગયેલ છે, બચાવપક્ષે ફરીયાદીના ખેતી બિયારણ તથા જંતુનાશક દવા સબંધેના કાયદા મુજબના લાયસન્સોની તકરાર લેવામાં આવેલ છે, ફરીયાદપક્ષે ખેતી બિયારણ સબંધે કાયદા મુજબનું લાયસન્સ રજુ કરેલ છે, જંતુનાશક દવાનું લાયસન્સ ફરીયાદીના દીકરાના નામનું છે અને તેથી હાલની ફરીયાદના કામે તે રજુ કરવાની જરૂરીયાત રહેતી નથી, નામદાર ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે, આ નિવેદનમાં આરોપીએ ફરીયાદવાળા ચેકમાં પોતાની સહી નથી કે બળજબરીથી ફરીયાદીએ ચેક લઈ લીધેલ છે કે ચેક ખોવાઈ જતા ફરીયાદીને મળતા તેનો દુરુપયોગ કરેલ છે તેવી હકીકતો જણાવેલ નથી, નામદાર ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન ફરીયાદવાળો ચેક બેંકમાં રજુ થયેલ નથી કે સ્ટોપ પેમેન્ટના શેરા સાથે પરત ફરેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ નથી, આ સંજોગોમાં કાયદાના અનુમાનો આધારે નામદાર સર્વોચ્ચ અદાલતે તથા અન્ય વડી અદાલતે આપેલ ચુકાદાઓના આધારે તકરારી ચુકાદો આપવામાં આવેલ છે જે કાયદા મુજબનો છે. અંતમાં અપીલ રદ્દ કરવા અને તકરારી હુકમ કાયમ રાખવા રજુઆત કરેલ છે.

(૯.૪) આ કામે રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| 1 | Rangappa Vs, Sri. Mohan<br>2010 (0) GLHEL-48349 (Cri.Appeal No.1020/2010) |
| 2 | Rohitbhai Jivanlal Patel Vs. State of Gujarat<br>2019 (0) AIJEL-SC 63830(Cri.Appeal No. 508/2019) |
| 3 | Rahul Sudhakar Anantwar Vs, Shivkumar Kanhiyalal |

Shrivastav
2019 (0) AIJEL-SC 65057
(Cri.Appeal No.1598/2019)

4 Triyambal S. Hegde Vs. Sripad
2021 (0) AIJEL-SC 67771 (Cri.Appeal No. 849/2011)

5 Hiten P. Dalal Vs. Bratindranath Banerjee
2001 (0) GLHEL-SC 11292 (Cri.Appeal No.688/1995)

6 Goaplast Pvt.Ltd. Vs. Shri Chico Ursula
2003 (2) G.L.H.75 (SC) (Cri.Appeal No.315/2003)

7 D.K.Chandel Vs. M/S. Wockhardt Ltd. and Anr.
(2020) 13 SCC 471 (Cri.Appeal No(s). 132/2020 (Arising out of SLP (Crl.No.1321/2018)

8 The waterbase Ltd. Chennai Vs. Karuturu Revendra & anr.
2002 (2) Crimes 453 (A.P. HC), (Cri.Appeal No. 598/1997)

9 B.M.Basavaraj Vs. Srinivas S. Datta
2016 (0) AIJEL-SC-59290 (Cri.Appeal No.306/2016)

10 Manjuben H. Pandiya Vs. Gurumukhdas Bhagvandas Vaswani
2022 (0) AIJEL-HC-244878 (Cri.Appeal No.2432/2008)

11 C.C. Alavi Haji Vs. Palapetty Muhammed
2007 (2) G.L.H. 512

(૧૦) કેસની ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું આરોપી/એપેલન્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું ખંભાળીયાના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૧૦૭૪/૨૦૨૧ ના કામે તા.૨૯/૦૪/૨૩ ના રોજ ચુકાદો આપતા આરોપી/એપેલન્ટને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે દોષિત ઠરાવી,

ફરમાવેલ સજા, દંડ તથા વળતર ચુકવવાનો ચુકાદો ગેરકાયદેસરનો, ભુલ ભરેલો અને કાયદા તથા ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો છે ? અને ફરમાવેલ સજાના ચુકાદામાં હસ્તક્ષેપ કરવાપાત્ર છે ?

૩. શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દા અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક

૨. નકારાત્મક

૩. આખરી હુકમ મુજબ

–:: કા ર ણો ::–

મુદ્દા નંબર–૧ તથા ર સંયુકત રીતે ::–

(૧૨) ઉપરોકત બંને મુદ્દા એકબીજા સાથે અરસ પરસ રીતે સંકળાયેલ હોય, બંને મુદ્દાની ચર્ચા એકીસાથે કરવાનું ન્યાયોચીત જણાતું હોય, બંને મુદ્દાની ચર્ચા પુરાવાનુ પુનરાવર્તન ટાળવા સારુ એકીસાથે કરવામાં આવેલ છે.

(૧૩) આ કામે અપીલનો ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલતને શું સત્તા પ્રાપ્ત થયેલ છે ? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક જણાય છે. જયારે પણ ટ્રાયલ કોર્ટ કોઈપણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચુકાદો આપે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે તે આદેશ ન્યાયોચિત છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે. અપીલ તબકકે ફરીયાદપક્ષ તેમજ આરોપી પક્ષને સાંભળવાની તક અપીલ અદાલતે કાયદાની દ્રષ્ટિએ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતની દ્રષ્ટિએ આપવી આવશ્યક છે. ટ્રાયલ કોર્ટ જે આદેશ કરી શકે નહી તેવો આદેશ અપીલ અદાલત પણ કરી

શકે નહી. ટ્રાયલ કોર્ટે જો કોઈ ભુલ કરેલ હોય તો સુધારવાની છે અથવા કોઈ ખામી રહી ગયેલ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાય તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટેની જોગવાઈ વિધાનતંત્ર ધ્વારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે અને તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાને મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં એકરૂપતા જળવાઈ રહે તેવા આશયથી બી.એન.એસ.એસ. ૨૦૨૩ કલમ ૪૨૭ (ક્રિ.પ્રો.કોડ કલમ–૩૮૬) માં ચોકકસ જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઈ શકે નહી. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેનો પ્રબંધ કરવામાં આવેલ છે. સૌ પ્રથમ તો બી.એન.એસ. એસ. ૨૦૨૩ કલમ ૪૨૬ (ક્રિ.પ્રો.કોડ કલમ ૩૮૫) હેઠળ કરવામાં આવેલ જોગવાઈનું પાલન કરવાનું રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે અપીલ રદ ન કરે ત્યારે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અપીલના નિર્ણય પહેલા મંગાવવું જરૂરી છે. સજાના હુકમ સામેની અપીલમાં એપેલન્ટ તથા રીસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકર્ડની ચકાસણી કર્યા બાદ ટ્રાયલ કોર્ટે આપેલ ચુકાદામાં હસ્તક્ષેપ કરવાના પુરતા કારણો નથી તેવા નિર્ણય પર અપીલ અદાલત આવે ત્યારે અપીલ અદાલતે અપીલ રદ કરવાની રહે છે. અપીલ અદાલતે શા માટે પુરતા કારણો નથી તે કારણોની નોંધ પોતાના ચુકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપૂર્ણ પુરાવાની ફેરચકાસણી કરી શકે છે અને ટ્રાયલ કોર્ટે પુરાવાનું મુલ્યાંકન કરવામાં ભુલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મુલ્યાંકન

કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે તેવા પ્રસંગે ટ્રાયલ કોર્ટનો આદેશ ફેરવી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરી શકે છે. અપીલ અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા આરોપી સામે નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે. સામાન્ય રીતે નવેસરથી કાર્યવાહી ચલાવવાનો હુકમ અપવાદરૂપ કિસ્સામાં અથવા ન્યાયના હિત માટે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવો જોઈએ. કારણ કે, એક જ ગુના અંગે બે વખત ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહી. વધુમાં આરોપીને નવેસરથી ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવો પડે છે. ફરીયાદપક્ષને અગાઉ જે ભુલ કરી હોય તે સુધારવાની તક મળી જાય છે. પરંતુ, ટ્રાયલ કોર્ટને ટ્રાયલ ચલાવવાની હકુમત ન હોય અને ટ્રાયલ ચલાવેલ હોય તો નવેસરથી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટેનો આદેશ કરી શકાય. ફરીયાદપક્ષને અથવા બચાવપક્ષને રજુ થઈ શકે તેવો પુરાવો રજુ કરવા ટ્રાયલ કોર્ટે ઈન્કાર કરેલ હોય તો નવેસરથી કાર્યવાહી ચલાવવા આદેશ કરવાની અપીલ અદાલતને સત્તા છે. નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કે સજા કરવાના ચુકાદા સામે અપીલ કરવામાં આવે ત્યારે ટ્રાયલ કોર્ટે તેના સમક્ષ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરેલ હોય તેને કોઈપણ પ્રકારના કારણ વગર કે હળવાશથી લઈ ફેરવી નાખવું ન જોઈએ. પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવું અપીલ અદાલતને લાગે તો જ ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જોઈએ.

(૧૪) આરોપી તરફે તેઓ વિરૂધ્ધ ફરમાવેલી સજાને પડકારતી હાલની પ્રથમ અપીલ હોય પુરાવાનુ પુનઃ મુલ્યાંકન કરવુ અને ગુણદોષ ઉપર નિર્ણય કરવો જરૂરી બની જાય છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસની કાર્યવાહીમાં આરોપીને ધોરણસર સમન્સની બજવણી થયેલ

હતી. આરોપીનું ટ્રાયલ દરમ્યાન પ્રાથમિક નિવેદન તેમજ વિશેષ નીવેદન લેવામાં આવેલ છે. આરોપીએ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાને પડકારેલ છે. બચાવપક્ષે પોતાનો બચાવ સાબીત કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

(૧૫) ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદી ખેતી બિયારણના ધંધાનું લાયસન્સ ધરાવે છે અને આરોપી સાથે માલસામાન વેચાણના ધંધાકીય વ્યવહારો હતા. આરોપી ફરીયાદીની દુકાનમાંથી ખેતી બિયારણની ખરીદી કરતા અને તે અંગેનું ફરીયાદીની પેઢીમાં જમા–ઉધારનું ખાતું રાખવામાં આવેલ હતુ. ફરીયાદીએ ટ્રાયલ દરમ્યાન આંક–૩૮ થી આરોપીના જમા–ઉધાર ખાતાનો ઉતારો રજુ કરેલ છે. આ દસ્તાવેજી પુરાવો જોતા આરોપીએ છેલ્લે તા.૨૦/૩/૨૦૧૮ ના રોજ રૂા.૯,૦૦૦/– ફરીયાદી પેઢીમાં બાકી લેણા પેટે જમા કરાવેલા છે. ત્યારબાદ ફરીયાદીના આરોપી પાસે રૂા.૭,૦૦,૦૪૫/– લેણાં નીકળતા હતા. ફરીયાદ હકીકત મુજબ આરોપી પાસે લેણી રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદવાળો ચેક આપેલો છે. આ ફરીયાદવાળો ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅરના શેરા સાથે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને કાયદા મુજબ નોટીસ આપેલ છે. આરોપીને નોટીસ મળી જવા છતાં સમયમર્યાદામાં નાણાંની ચુકવણી કરેલ નથી જેથી ફરીયાદીએ સમયમર્યાદામાં આરોપી વિરુઘ્ધ વિ.ટ્રાયલ કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ ના ગુન્હા સબંધે ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૬) ફરીયાદી તરફે જે પુરાવો રજુ થયેલ છે તે જોતા આંક–૩૬ થી બિયારણના વેપારીનો ધંધો ચલાવવા માટેનું લાયસન્સ રજુ કરેલ છે.

તે જોતા મુરલીધર એગ્રો સીડસ નામની પેઢીને બિયારણ વહેંચવા અને સંગ્રહ કરવાના હેતુ માટે લાયસન્સ આપવામાં આવેલ છે. આ લાયસન્સ ફરીયાદીના નામનું છે. આ લાયસન્સ તા.૧૩/૫/૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ છે અને તા.૧૨/૫/૨૦૧૭ સુધી અમલમાં રહે તે માટેનું છે. આ અપીલની સુનાવણી દરમ્યાન ફરીયાદપક્ષે આંક–૪૭ થી સદરહુ પેઢીનું લાયસન્સતા.૧૩/૫/૨૦૧૭ થી તા.૧૨/૦૫/૨૦૨૦ સુધી રીન્યુ કરવામાં આવેલ છે તેની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. ત્યારબાદ આ લાયસન્સ તા.૨૯/૦૭/૨૦૨૦ ના રોજ રીન્યુ થયેલ છે. આમ ફરીયાદવાળા ખરીદ વેચાણના વ્યવહાર સમયે ફરીયાદી બિયારણ વેચાણ અને સંગ્રહ માટેનું લાયસન્સ ધરાવતા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. આંક–૩૮ થી રજુ થયેલ ખાતાવહી જોતા તા.૨૫/૫/૨૦૧૭ થી તા.૨૭/૧૧/૨૦૧૭ સુધી બિયારણ વેચાણ કરવા અંગેના વ્યવહારોની નોંધ છે. આ સમય દરમ્યાન ફરીયાદી બિયારણ વેચાણ કરવા અને સંગ્રહ કરવા માટે લાયસન્સ ધરાવતા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે બિયારણ વેચાણ ખરીદીનો વ્યવહાર થયો હોય તો તે કાયદા મુજબ કહી શકાય. કાયદા મુજબનો વેચાણ ખરીદીનો વ્યવહાર હોય ત્યારે તે વ્યવહારમાંથી ઉપસ્થિત થયેલ લેણું પણ કાયદા મુજબ કહી શકાય. જેથી ફરીયાદીનું કાયદેસરનું લેણું હોવાની હકીકત સાબીત થાય છે.

(૧૭) ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જંતુનાશક દવાઓ તથા કીટનાશક વિગેરે ખેતીને લગતી દવાઓ વહેચવાનો ધંધો કરે છે અને આરોપી ખેતીની જમીનમાં ખેતીકામ કરવા માટે કીટનાશક/જંતુનાશક દવાઓ તથા બિયારણની ખરીદી કરતા હતા તેવી હકીકત જણાવેલ છે. આ સંદર્ભે ફરીયાદીની જુબાનીમાં થયેલ ઉલટતપાસ જોતા તેઓ

મુરલીધર કૃષિ કેન્દ્રના પ્રોપરાઈટર નથી અને તે પેઢીના પ્રોપરાઈટર તેઓના દિકરા છે. આમ કીટનાશક અને જંતુનાશક દવાઓ વેચાણના વ્યવહારો થયા હોય તો મુરલીધર કૃષિ કેન્દ્ર પેઢી સાથે થયેલા હોવા જોઈએ અને તે વ્યવહારો પેટે જો કોઈ બાકી લેણી રકમ હોય તો મુરલીધર કૃષિ કેન્દ્ર પેઢીના હિસાબો રજુ થવા જોઈએ અને ચેક પણ તે પેઢીના નામે આપેલો હોવો જોઈએ. જયારે હાલના કિસ્સામાં મુરલીધર કૃષિ કેન્દ્ર પેઢીના પ્રોપરાઈટર ફરીયાદી નથી કે મુરલીધર કૃષિ કેન્દ્ર પેઢીના નામે ચેક આપવામાં આવેલ નથી. વધુમાં આ પેઢીના હિસાબો પણ રજુ થયેલા નથી. જેથી જંતુનાશક દવાના વેચાણ વ્યવહાર અંગે બાકી લેણાં હોય તો હાલના ફરીયાદીને તે સબંધે ચેક લેવાનો કે ફરીયાદ કરવાનો અધિકાર રહેતો નથી.

(૧૮) વધુમાં વિ.ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં કોઈપણ વ્યકિત પોતાની પેઢીમાંથી માલસામાન ખરીદે તો પાકું જી.એસ.ટી. વાળું બીલ આપે છે અને તે સિવાય કોઈ બીલ બનાવતા નથી તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં તેઓ છેલ્લા આઠ–દશ વર્ષથી જી.એસ.ટી. વાળા બીલ બનાવે છે અને ફરીયાદમાં જી.એસ.ટી.ની રકમ સામેલ છે તેમજ આરોપીએ ખરીદ કરેલ જી.એસ.ટી.વાળું બીલ રજુ કરવા સ્વખુશી દર્શાવેલ છે. પરંતુ ટ્રાયલ દરમ્યાન આરોપીને આપવામાં આવેલ જી.એસ.ટી. વાળા બીલ રજુ કરેલ નથી. તા.૩/૯/૨૦૨૨ ના રોજ થયેલ ઉલટતપાસમાં ફરીયાદીએ આરોપીને આપેલ જી.એસ.ટી. વાળા બીલ રજુ કરવા તૈયાર નથી તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં તેઓએ જી.એસ.ટી. વાળી ખાતાવહી રજુ કરેલ નથી તેવી હકીકત પણ સ્વીકારેલ છે. આ અપીલની કાર્યવાહી દરમ્યાન આરોપીએ આંક ૪૧ થી જંતુનાશક/ કીટનાશક દવાનું લાયસન્સ તથા ફરીયાદમાં જણાવ્યા મુજબના

વ્યવહાર વાળા આરોપીના નામથી બનાવેલ જી.એસ.ટી. વાળા બીલ અને જી.એસ.ટી. સર્ટીફીકેટ રજુ કરવા અરજી આપતા તેની સુનાવણી દરમ્યાન આંક–૪૨ થી લેખિત વાંધા રજુ કરેલ છે અને આંક–૪૧ ની માંગણી મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે D.K.Chandel Vs. M/S. Wockhardt Ltd. and Anr. તથા B.M.Basavaraj Vs. Srinivas S. Datta ના કેસમાં આપેલ ચુકાદા જોતા દિવાની દાવો હોય ત્યારે હિસાબી ચોપડા અને રોકડ ખાતાવહી દસ્તાવેજો રજુ કરવાની આવશ્યકતા રહે છે. પરંતુ નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ ના ફોજદારી કેસમાં આ દસ્તાવેજો રજુ કરવાની આવશ્યકતા રહેતી નથી. નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ ના કેસમાં આરોપીએ આપેલા ચેકનો સ્વીકાર થયેલ નથી અને પરત ફરેલ છે તે ગુનાહિત તત્વ મહત્વનું છે. જેથી હાલના કિસ્સામાં ફરીયાદી તરફે ખરીદ વેચાણના વ્યવહારના બીલો કે હિસાબી ચોપડા રજુ કરેલા ન હોવાના કારણે ફરીયાદપક્ષને કોઈ વિપરીત અસર થતી નથી.

(૧૯) આરોપીએ પોતાનો બચાવ સાબીત કરવા માટે વીટનેશ બોકસમાં આવી સોગંદ ઉપર પુરાવો આપવાની કે બચાવના સાહેદોનો પુરાવો આપવાની આવશ્યકતા નથી. જો ફરીયાદીના પુરાવા પરથી કાયદાકીય અનુમાન વિરુધ્ધની હકીકતો સાબીત કરવામાં બચાવપક્ષ સફળ થતો હોય તો તે બચાવ ગ્રાહય રાખવા પાત્ર છે. બચાવપક્ષે ફરીયાદપક્ષની જેમ પોતાનો બચાવ શંકારહિત સાબીત કરવાનો નથી પરંતુ શકયતા આધારિત સાબીત કરવાનો છે. હાલના કિસ્સામાં ફરીયાદી જે કેસ લઈને આવેલ છે તે મુજબ તેઓએ આરોપીને ખાતર, બિયારણ વેચાણ આપેલ છે. આ ખરીદ વેચાણના વ્યવહાર

પેટે આરોપીએ ફરીયાદીની લેણી રકમ માટે ફરીયાદવાળો ચેક આપેલ છે. ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે અને ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી છે તે હકીકત ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન સાબીત થયેલ છે. વધુમાં ફરીયાદવાળો ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આરોપીને કાયદા મુજબ નોટીસ આપેલ છે અને તેનો કોઈ પ્રત્યુતર આરોપી તરફે આપવામાં આવેલ નથી.

(૨૦.૧) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર સર્વોચ્ચ અદાલતે Anvar P.V. Vs. P.K.Basheer ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર અંગેનો છે. આરોપીના વિ.વ.શ્રીએ આંક–૩૮ થી રજુ થયેલ હિસાબી ચોપડા અંગે ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ થયેલ ન હોય તે પુરાવો ગ્રાહય રાખી શકાય નહીં તેવી રજુઆત કરેલ છે. પરંતુ ફરીયાદીએ ચેક પરત ફર્યા અંગે ફોજદારી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં ચેક પરત ફર્યા અંગેનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. ફરીયાદપક્ષના કેસને કાયદાના અનુમાનથી સમર્થન મળે છે. તે સંજોગોમાં સદરહુ આંક–૩૮ ના દસ્તાવેજ સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ ન થવાના કારણસર ફરીયાદપક્ષનો કેસ ખોટો છે તેવું માની શકાય નહીં. જેથી આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૨) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Prabhudas Mohanlal Bhimani Vs. Infinitive Pharmaceutical Industries ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં ફરીયાદપક્ષે ફરીયાદી પેઢી

વતી મૌખિક પુરાવો આપનાર વ્યકિતને અધિકૃત કરવામાં આવેલા હતા તેવો પુરાવો રજુ કરેલો ન હતો. ફરીયાદવાળો ચેક કાર્યવાહીના કામે રજુ થયેલ હતો પરંતુ પુરાવામાં દાખલ થયેલ ન હતો, ચેક રીટર્ન મેમો રજુ થયેલ ન હતો, ફરીયાદવાળો ચેક કયા લેણાં પેટે આપવામાં આવેલો હતો તે અંગે કોઈ હિસાબો રજુ થયેલ ન હતા, આરોપીએ આપેલ ચેક પરત ફર્યા બાદ કાયદા મુજબ આપવામાં આવેલ નોટીસ રજુ થયેલ ન હતી. આમ, કલમ–૧૩૮ ના પ્રથમદર્શનીય તત્વો સાબીત થાય તેવો પુરાવો રજુ ન થવાના કારણે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલા હતા. જયારે હાલના કેસની હકીકતો અને રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા સદરહુ ચુકાદાથી અલગ સ્થિતિ હાલના કેસમાં હોય ઉપરોકત ચુકાદો બચાવપક્ષને મદદરૂપ થતો નથી.

(૨૦.૩) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Ramilaben Jashubhai Patel Vs. Rasiklal Chunilal Kothari ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા પ્રોમીસરી નોટ સબંધેનો ચુકાદો છે અને પ્રોમીસરી નોટના આધારે લેણું વસુલ કરવા દાવો કરેલ તે સબંધેનો છે. અગાઉ ચર્ચા કરી તેમ ફોજદારી કાર્યવાહીમાં કાયદાકીય અનુમાનો ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે અને જયારે કાયદા મુજબનું લેણું સાબીત થતું હોય ત્યારે આરોપીએ કાયદાના અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો આપવાનો હોય છે. હાલની ફોજદારી કાર્યવાહી હોય અને ફરીયાદપક્ષને કાયદાના અનુમાનથી સમર્થન મળતું હોય ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરૂપ થતો નથી.

(૨૦.૪) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Kapadvanj Peoples Co-Operative Bank Ltd. Vs.

Jayantibhai Talasaji Marwadi And Anr. ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા કલમ–૧૩૮ ના કેસમાં ફરીયાદીએ કાયદેસરના લેણાં માટે ફરીયાદવાળો ચેક આપવામાં આવેલો હતો તેવી હકીકત સાબીત કરવા સબળ પુરાવો આપવાનો રહે છે અને ત્યારબાદ કાયદાના અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના થાય છે તેવું આ ચુકાદામાં નિર્ણીત કરેલ છે. હાલના કેસની હકીકતો જોવામાં આવે તો આરોપીએ ખાતર, બિયારણની ખરીદી પેટે બાકી રહેલ ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે ફરીયાદવાળો ચેક આપેલો છે તેવી હકીકત ફરીયાદીએ સાબીત કરેલ છે ત્યારે તેનાથી વિરુધ્ધ પુરાવો આરોપીએ આપવાનો રહે છે. ફરીયાદવાળો ચેક ફરીયાદી પાસે કઈ રીતે આવેલ છે તે અંગે સંતોષકારક ખુલાસો આરોપી કરી શકતા નથી ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરૂપ થતો નથી.

(૨૦.૫) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર બોમ્બે હાઈકોર્ટે Kalim M. Khan Vs. State of Maharashtra And Anr. ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ફરીયાદીને ફરીયાદ કરવાના અધિકાર અંગેનો છે. હાલના કિસ્સામાં ફરીયાદી પેઢીના પ્રોપરાઈટર છે અને તે હેશીયતથી ફરીયાદ કરેલ છે તેવી હકીકત સાબીત થાય છે ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૬) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર દિલ્હી હાઈકોર્ટે Veena Rani Chhabra Vs, Manju Rohida ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે આરોપીની ગુનાહિત જવાબદારી શંકારહિત સાબીત કરવા બાબતેનો છે. તે કેસની હકીકતો વંચાણે

લેતા ચેક કઈ જવાબદારીમાંથી આપવામાં આવેલો તે અંગે ફરીયાદીનો પુરાવો વિરોધાભાસી હોવાથી આરોપી સામેનો કેસ સાબીત માનેલો ન હતો. જયારે હાલના કિસ્સામાં ફરીયાદવાળા વ્યવહાર પેટે આરોપીએ ચેક આપેલો છે તેવી હકીકત ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ છે ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૭) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર બોમ્બે હાઈકોર્ટે M/s. Jaimin Jewelery Exports Pvt.Ltd. & Anr. Vs. The State of Maharashtra ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા કલમ–૧૩૮ ની ફરીયાદ કરનાર ફરીયાદીને ફરીયાદવાળા વ્યવહાર અંગે અંગત જ્ઞાન હોવું જોઈએ, ચેકમાં ફેરફાર સબંધે અને ઈલેકટ્રોનીકસ એવીડન્સ માટે જરૂરી પ્રમાણપત્ર સબંધે આ ચુકાદો આપવામાં આવેલ છે. હાલના કેસમાં ફરીયાદી પેઢીના પ્રોપરાઈટર છે અને ફરીયાદાવાળા વ્યવહાર અંગે તેઓને જ્ઞાન છે. વધુમાં ફરીયાદવાળા ચેકમાં કોઈ ફેરફાર થયેલા હોય તેવી તકરાર નથી. આ કામે ફરીયાદીએ ફરીયાદવાળા વ્યવહારના સબંધમાં સમર્થન માટે હિસાબી ચોપડાની નકલ રજુ કરેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદીએ પોતાના મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી કાયદેસરનું લેણું સાબીત કરેલ છે ત્યારે ફરીયાદપક્ષને કાયદાના અનુમાનોથી સમર્થન મળે છે. જેથી આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૮) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર બોમ્બે હાઈકોર્ટે Mahendra Gulabchand Kochar Vs. Sakharam Ramdas Patil ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ફરીયાદપક્ષે રજુ થતા દસ્તાવેજોના કથનો સાબીત થાય

તેવો પુરાવો આપવો જોઈએ અને ફરીયાદપક્ષના પુરાવાથી બચાવપક્ષ શકયતા આધારિત પોતાનો બચાવ સાબીત કરતા હોય તો અદાલતે તેની વિચારણા કરવી જોઈએ તે સબંધે આ ચુકાદો આપવામાં આવેલ છે. હાલના કિસ્સામાં જોવામાં આવે તો ફરીયાદ પક્ષે કલમ–૧૩૮ નો ગુન્હો સાબીત થવા માટે જે દસ્તાવેજી પુરાવા રજુ કરવા જોઈએ તે રજુ કરેલા છે. બચાવપક્ષ ફરીયાદપક્ષના પુરાવા પરથી પોતાનો બચાવ શકયતા આધારીત સાબીત કરી શકેલ નથી. ફરીયાદવાળા ચેક અંગે પોતાની જવાબદારી નથી તેવો બચાવ આરોપી સાબીત કરી શકેલ ન હોય આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૯) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર કેરાલા હાઈકોર્ટે Gokulam Chit And Finance Company Vs. Guridas ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં બ્લેન્ક ચેક આપવામાં આવેલો હતો અને ફરીયાદીના લેણાં પેટે અમુક રકમ આરોપીએ ચુકવેલ હોવા છતાં ચેકમાં સંપુર્ણ રકમ લખી બેંકમાં રજુ કરવામાં આવેલો હતો. જયારે હાલના કેસની હકીકતો તેનાથી અલગ છે. ફરીયાદીએ જે હિસાબો રજુ કરેલ છે તે પ્રમાણે ફરીયાદવાળા ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ છે. ફરીયાદીને બ્લેન્ક ચેક આપવામાં આવેલો હોય તેવી હકીકત સાબીત થતી નથી ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૦) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર મદ્રાસ હાઈકોર્ટે R.B. Ramakrishnan Vs. A.Meena ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં ફરીયાદી આરોપી સામે ગુનો સાબીત કરવા માટે જે પુરાવો આપવો જોઈએ તે આપવામાં નિષ્ફળ ગયેલ હતા અને આરોપી પોતાનો બચાવ સાબીત

કરવા જે હકીકતો રેકર્ડ ઉપર લાવવી જોઈએ તે લાવી શકેલ હતા અને તેથી તે કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ થયેલ છે. પરંતુ હાલના કેસની હકીકતો અલગ છે. ફરીયાદીના કેસ મુજબ ફરીયાદવાળા વ્યવહાર પેટે ફરીયાદવાળો ચેક આપેલ છે. આ હકીકત સાબીત કરવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો આપેલ છે. આરોપીએ તે પુરાવો ખોટો હોય તેવી કોઈ હકીકત ટ્રાયલ દરમ્યાન રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે પોતાનો બચાવ શકયતા આધારીત સાબીત કરી શકેલ ન હોય આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૧) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર દિલ્હી હાઈકોર્ટે Sukhdata Chits Pvt.Ltd. Vs. Rajender Prasad Gupta ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા કલમ–૧૩૮ ના કેસમાં મૌખિક પુરાવા દરમ્યાન મર્યાદિત ઉલટતપાસ સબંધે આ ચુકાદો આપવામાં આવેલ છે. પરંતુ હાલના કેસમાં આવા કોઈ પ્રશ્નો ઉપસ્થિત થયેલ નથી. ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે ફરીયાદીની વિગતવાર ઉલટતપાસ કરેલ છે. આ સંજોગોમાં આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૨) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર કર્ણાટક હાઈકોર્ટે H.R.Moodalappa Vs. C.A. Chowrappa ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ફોજદારી કાર્યવાહીમાં શંકારહિત પુરાવા સાબીત કરવા અંગે આ ચુકાદો આપવામાં આવેલ છે. તે ચુકાદાની હકીકતો હાલના કેસની હકીકતોથી અલગ છે. હાલના કેસમાં સીકયોરીટી પેટે ચેક આપવામાં આવેલો નથી, ટ્રાયલ કોર્ટે પુરાવાના અંતે આરોપીને તકસીરવાન ઠરાવેલા છે. જેથી આ ચુકાદાની હકીકતો ફરીયાદવાળા કેસથી

અલગ છે. આરોપીએ કાયદેસરના લેણાં પેટે ફરીયાદીને ચેક આપેલો છે તેવી હકીકત ફરીયાદીના પુરાવા પરથી સાબીત થાય છે ત્યારે આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૩) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર બોમ્બે હાઈકોર્ટે Zenna Sorabji and Others. Vs. Mirabelle Hotel Co. (Pvt) Ltd.ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૩૪ ની જોગવાઈ અનુસાર હિસાબી ચોપડા સબંધેનો છે. અગાઉ ચર્ચા કરી તે મુજબ હાલની ફોજદારી કાર્યવાહી છે. હાલની કાર્યવાહીમાં ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાનોની જોગવાઈ છે. આ સંજોગોમાં હિસાબી ચોપડા રજુ કરવાની આવશ્યકતા રહેતી નથી. હાલની કાર્યવાહીમાં આરોપીએ આપેલ ચેક સ્વીકારાયા વગર પરત આવેલ છે અને ત્યારપછી આરોપીએ નિયત સમયમર્યાદામાં ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી તે મહત્વની બાબત છે. જેથી આ ચુકાદો બચાવપક્ષને મદદુપ થતો નથી.

(૨૦.૧૪) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Rameshkumar Vitthalbhai Patel Vs. State of Gujarat ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા એકવીટલ અપીલ સંદર્ભે આપવામાં આવેલ ચુકાદો છે. તે કિસ્સામાં રૂા.૨૦ લાખ જેવી માતબર રકમ ફરીયાદીએ આરોપીને આપેલ હતી અને તે હકીકત સાબીત કરવા ફરીયાદીના મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો ન હતો. તે કિસ્સામાં ફરીયાદીની આર્થિક સ્થિતિ પણ આવી માતબર રકમ આરોપીને આપી શકવાની ન હતી. આ બાબતો રેકર્ડ ઉપર આરોપીપક્ષ લાવી શકેલ હતો અને તે કેસના પુરાવા અને સંજોગોની વિચારણા કરી ટ્રાયલ કોર્ટનો

હુકમ યથાવત રાખેલ છે. જયારે હાલના કિસ્સાની હકીકતો તેનાથી અલગ છે. ફરીયાદીએ ફરીયાદવાળા ચેક મુજબનું આરોપી પાસે લેણું હોવા સબંધે ખરીદ વેચાણના વ્યવહારો થયાની હકીકતો જણાવેલ છે. ફરીયાદ હકીકતને સમર્થન મળે તે માટે દસ્તાવેજી પુરાવા પણ રજુ થયેલા છે. ફરીયાદીની આર્થિક સક્ષમતા સબંધે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં સદરહુ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૫) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Rajendra Kumar @ Rajesh Kumar Balkishan Agrawal ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા તે કિસ્સામાં ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલા તે હુકમ સામે એકવીટલ અપીલ દાખલ થયેલ હતી. તે કિસ્સામાં ફરીયાદપક્ષે ચેક રીટર્ન મેમો રજુ થયેલ હતો તેના ઉપર બેંકનો સ્ટેમ્પ ન હતો અને તે સિવાય અન્ય બાબતો ટ્રાયલ કોર્ટે ધ્યાનમાં લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હતા. હાલના કિસ્સામાં હકીકતો અલગ છે. માત્ર ચેક રીટર્ન મેમો રજુ થયેલ છે તેમા બેંકનો સ્ટેમ્પ ન હોવાથી ફરીયાદપક્ષે રજુ થયેલા અન્ય પુરાવાની અવગણના થઈ શકે નહીં. ફરીયાદવાળો ચેક સ્ટોપ પેમેન્ટના શેરા સાથે પરત ફરેલ છે તે હકીકત બીનતકરારી છે. તે સંજોગોમાં હાલના કેસની હકીકતો અને પુરાવો જોતા આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૬) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Patel Amrutbhai Narayandas Vs. State of Gujarat તથા નામદાર સુપ્રિમ કોર્ટે M.D. Thomas Vs. P.S. Jaleel And Anr. ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ

ચુકાદા વંચાણે લેતા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮(બી) મુજબ આરોપીને નોટીસની બજવણી થયેલ ન હતી તેવી તકરાર હતી. પરંતુ જયારે બચાવપક્ષે નોટીસની તકરાર લેવામાં આવે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે C.C. Alavi Haji Vs. Palapetty Muhammed ના કેસમાં આપેલ ચુકાદાની પણ વિચારણા કરવાની રહે છે. હાલના કેસમાં આરોપીએ સમન્સની બજવણી થયા બાદ અદાલતમાં હાજર થઈ ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપવા માંગે છે અથવા અદાલતમાં ડીપોઝીટ કરવા માંગે છે તેવી કોઈ જાહેરાત કરેલ નથી. જેથી આરોપીને નોટીસની બજવણી થયેલ નથી તેવી તકરાર સબબ સદરહુ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૭) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર હિમાચલપ્રદેશ હાઈકોર્ટે S.P. Saklani Vs. Ravinder Singh Thakur ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ફરીયાદ કરનાર વ્યકિત ફરીયાદી પેઢીમાં કઈ હેશીયતથી ફરીયાદ લાવેલ છે તે અન્ય પુરાવાથી સાબીત કરી શકેલ ન હતા. જયારે હાલના કેસમાં ટ્રાયલ દરમ્યાન ફરીયાદી પેઢીની તરફેણમાં ખાતર, બિયારણ માટે સરકારશ્રી તરફથી આપવામાં આવેલ લાયસન્સની નકલો રજુ થયેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા ફરીયાદી, ફરીયાદી પેઢીના પ્રોપરાઈટર છે તે હકીકત ટ્રાયલ દરમ્યાન સાબીત થયેલ હોય આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૮) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર બોમ્બે હાઈકોર્ટે Amit Kumar Jaiprakash singh Vs. Mahesh Mahadev Dabholkar And Ors. ના કેસમાં આપેલ ચુકાદો રજુ

કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ તેના સામે એકવીટલ અપીલ દાખલ કરવા સબંધેનો આ ચુકાદો છે. તે કેસની હકીકતો વંચાણે લેતા અસલ દસ્તાવેજી પુરાવા રજુ ન થવાના કારણસર ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલા હતા. જયારે હાલના કેસની હકીકતો અને સંજોગો અલગ છે. હાલના કેસમા ફરીયાદપક્ષે આરોપી સામે આક્ષેપ સાબીત કરવા માટે જરૂરી દસ્તાવેજી પુરાવા અસલ સ્વરુપમાં રજુ કરેલ છે.જેથી ઉપરોકત ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૧૯) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટે Jayshreeben Jitendrabhai Modi Vs. Paresh Vasantlal Modi ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા કલમ–૧૩૮(બી) મુજબ કાયદાની નોટીસની બજવણી સબંધેનો છે. તે કિસ્સામાં ફરીયાદપક્ષે આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત રજુ કરેલ ન હતી. તે કિસ્સામાં નોટીસ સાબીત થયેલ ન હતી અને આરોપીને નોટીસ બજેલ છે તે હકીકત સાબીત થતી ન હતી. હાલના કિસ્સાની હકીકતો અલગ છે. આરોપીના સરનામે નોટીસ આપવામાં આવેલ છે. આ નોટીસમાં આરોપીના પિતાની છે. આરોપીએ આ અદાલતમાં હાજર થઈ ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને આપી દેવા તૈયારી બતાવેલ નથી. તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતે C.C. Alavi Haji Vs. Palapetty Muhammed ના કેસમાં આપેલ ચુકાદો જોતા નોટીસની તકરાર ચાલવા પાત્ર નથી અને તેથી આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૦.૨૦) આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન નામદાર સર્વોચ્ચ અદાલતે S. Murugan Vs. M.K. Karunagaran ના કેસમાં

આપેલ ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદો વંચાણે લેતા ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલા તેના સામે અપીલ થયેલ. નામદાર મદ્રાસ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખતા ફરીયાદીએ નામદાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરેલ છે. આ કિસ્સાની હકીકતો જોવામાં આવે તો ફરીયાદી પોતાની આર્થિક સક્ષમતા સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા હતા. જયારે હાલના કિસ્સામાં ફરીયાદીની આર્થિક સક્ષમતા સબંધે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી આ ચુકાદો બચાવપક્ષને મદદરુપ થતો નથી.

(૨૧) ફરીયાદીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન રજુ કરેલ ચુકાદા વંચાણે લેતા કાયદાના અનુમાનો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે છે. આરોપીએ કાયદા મુજબ આપેલ નોટીસનો જવાબ આપેલ નથી. ફરીયાદવાળો ચેક ફરીયાદીના કબજામાં છે તે હકીકતની આરોપીને જાણ હતી. આમ છતાં આરોપી કાયદાના અનુમાન વિરુઘ્ધનો પુરાવો આપવામાં નિષ્ફળ ગયા છે. આરોપી જયારે ફરીયાદવાળા ચેકમાં પોતાની સહી હોવાનો ઈન્કાર કરતા ન હોય ત્યારે ફરીયાદીની તરફેણમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૯ અને ૧૧૮ ના અનુમાનો અદાલતે કરવાના રહે છે. ફરીયાદી જયારે કાયદેસરનું લેણું હોવાની હકીકત સાબીત કરે પછી જ ફરીયાદવાળો ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ નથી અથવા ફરીયાદીને આપવામાં આવેલ નથી તેવી હકીકત સાબીત કરવાનો બોજો આરોપી ઉપર આવી જાય છે. ફરીયાદીની આર્થિક સક્ષમતા છે કે નહી તે પણ સાબીત કરવાની ફરીયાદીને જરૂરીયાત નથી તેવું નામદાર સર્વોચ્ચ અદાલતે રોહીતભાઈ જીવણલાલ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત રાજયના કેસમાં નિર્ણીત કરેલ છે. હાલના કેસમાં આરોપીની સહીવાળો ફરીયાદવાળો ચેક ફરીયાદીના

કબજામાં કઈ રીતે ગયેલ છે તે અંગે કોઈ ખુલાસો ટ્રાયલ દરમ્યાન આરોપી તરફે કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં ફરીયાદીના કેસને કાયદાના અનુમાનોથી સમર્થન મળે છે અને આરોપી તે અનુમાનો વિરુધ્ધ પુરાવો આપવામાં નિષ્ફળ ગયેલ છે તેમ માનું છું. આરોપીએ ફરીયાદવાળા ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે તેવા કારણસર આરોપીની ફોજદારી જવાબદારી ઉપસ્થિત થતી નથી તેવી રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૨૨) આમ, સમગ્ર ચર્ચાના અંતે ફરીયાદીએ પોતાના કાયદેસરના લેણાં પેટે ફરીયાદવાળો ચેક આરોપી પાસેથી મેળવેલ હતો તે હકીકત સાબીત થાય છે. નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૯ તથા ૧૧૮ ના કાયદાકીય અનુમાનો ફરીયાદીની તરફેણમાં થઈ શકે તેમ છે. આરોપીએ આ કાયદાકીય અનુમાન વિરુધ્ધ કોઈ પુરાવો આપેલ નથી. વિ.ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ભારતીય પુરાવા અધિનિયમ અને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબ મુલ્યાંકન કરેલ છે અને તકરારી હુકમ કરવામાં કાયદાની તેમજ હકીકતની કોઈ ભુલ કરેલ નથી તેમ માનું છું અને તેથી તકરારી હુકમમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી ન હોય, મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. મુદ્દા નં.૩ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) ફોજદારી અપીલ નંબર–૨૩/૨૦૨૩ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખંભાળીયાના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટે ફોજદારી કેસ નં.૧૦૭૪/૨૦૨૧ ના કામે તા.૨૯/૦૪/૨૦૨૩ ના રોજ આપેલ ચુકાદો યથાવત રાખવામાં આવે છે.

Sessions Judge, Khambhaliya
Date 02/04/2026.

(૩) અપીલ ખર્ચ સંબંધે કોઈ હુકમ નથી.

(૪) સંબંધીત વિદ્વાન ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ સંબંધીત વિદ્વાન ટ્રાયલ કોર્ટને આ હુકમની નકલ સાથે પરત મોકલી આપવું.

(૫) આ હુકમની એક નકલ આરોપીને આપવી.

(૬) એપેલન્ટ/આરોપીને સેટઓફનો લાભ આપવો.

(૭) એપેલન્ટ/આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર નથી. તેઓએ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ તાત્કાલિક હાજર થવું. વિ.ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીને કસ્ટડીમાં લઈ સજા વોરંટ સાથે જીલ્લા જેલ, જામનગર તરફ સજા ભોગવવા માટે મોકલી આપવા.

હુકમ આજરોજ તારીખ : ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬
સ્થળ : ખંભાળીયા
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Unique ID Code : GJ-00345)

Sessions Judge, Khambhaliya
Date 02/04/2026.